**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૭.૮ ડીગ્રી
લઘુતમ : ૧૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૬૧ ટકા

# ભાઈચારો અને પ્રેમના સંદેશ વાહક ભગવાન ઈસુના જન્મના વધામણા : હેપી ક્રિસમસ

## નાતાલ ઈશુ ખ્રિસ્તના જન્મદિન તરીકે ઉજવાય છે



ગાંધીનગર, તા.૨૪

ક્રિસમસ એટલે પ્રભુ ઈસુના જન્મ જયંતિનું પર્વ. પ્રભુ ઈસુના જન્મદિન સંદર્ભે નાતાલ પર્વની ઉજવણી કરવામાં આવે છે. નાતાલનું પર્વ પ્રેમ અને આશાનું પર્વ છે. ખ્રિસ્તી પરિવારજનો ચર્ચમાં જઈને પ્રાર્થના કરે છે. દરેક મહાન વિભૂતિનો જન્મ એક ઉદ્દેશ્ય માટે થતો હોય છે. મસીહા ઈસુનો જન્મ પણ જગતને માનવધર્મ સમજાવવા માટે થયો હતો તે પ્રભુના સંદેશાવાહક બનીને આવ્યા હતા. તે જગતને પ્રેમનો માર્ગ ચીંધાડીને હિંસા, કુકર્મથી બચાવવા માગતા હતા. વિશ્વમાં ચારેય તરફ મધુરતા, શાંતિ અને પ્રેમથી સભર વાતાવરણ હોય તેવા જગતનું નિર્માણ કરવાનો તેમનો ઉદ્દેશ્ય હતો. આ મિશન આડે ઘણા વિઘ્ન પણ હતા. ધર્મના નામે પાખંડ કરનાર કટ્ટરપંથી તેમના દુશ્મન બની ગયા હતા. કારણકે આ માણસો ધર્મના નામે પોતાનો વ્યવસાય ચલાવતા હતા. ઈસુ મસીહાએ જે ઈશ્વરને પામવાનો સાચો અને સરળ માર્ગ ચીંધાડયો તે કટ્ટરપંથી માટે નુકસાનકારક હતો. કારણકે માણસો આ મસીહાના માર્ગે વળવા લાગ્યા હતા. તેથી ઈસુ મસીહા પર ત્રાસ ગુજારવાનું શરુ કરી દેવામાં આવ્યું પણ મસીહાએ તેમના અંતિમ શ્વાસ સુધી તેમના આદર્શ સાથે બાંધછોડ ન કરીને અને જગતને પ્રેમ અને કરૂણાથી સીંચતા રહ્યા હતા.

ઈસુ જન્મ અને ઉદ્દેશ્ય :

ઈસુ મસીહાનો જન્મ જેરુસલેમના જંગલમાં થયો હતો. જન્મ બાદ તમને વીંટાળવા માટે કપડું પણ ન હતું આબાલ ઈસુ મસીહાને જંગલમાં પ્રાણીના ચામડામાં વીંટાળીને રાખ્યા હતા. બાઈબલના આધારે મરિયમને એવો સંદેશ મળ્યો હતો કે તેમની કૂખેથી ઈશ્વરપુત્ર જન્મ લેશે. ફિલિસ્તાનમાં હિરોદ નામનો રાજા રાજ કરતો હતો તે સમયે મરિયમે ઈસુ મસીહાને જન્મ આપ્યો. બાળપણમાં ઈસુને ધર્મ અને જ્ઞાનની વાતોમાં રસ હતો. તે બાર વર્ષના હતા ત્યારે સૌથી વધુ સમય ચર્ચમાં પસાર કરતા હતા અને તેમને ચર્ચનું આધ્યાત્મિક વાતાવરણ હંમેશા પ્રભાવિત કરતું. ઈસુ જયારે ત્રીસ વર્ષના થયા ત્યારે તેમની મુલાકાત એક મહાત્મા યૂહન્ના જે જોન નામે ઓળાખાતા હતા તેમની સાથે થઈ તેમનું પ્રવચન સાંભળ્યા બાદ ઈસુનું સમગ્ર જીવન બદલાઈ ગયું. જોનની દિવ્ય વાણીએ ઈસુને પણ માનવ ધર્મના સંરક્ષક તરીકે કાર્ય કરવાની પ્રેરણા પુરી પાડી.

આજે પણ પ્રભુ ભકતોનો પોકાર 'આવો ઈસુજી, આવો તારનાર' આ પોકાર સાંભળીને આ આમંત્રણનો સ્વીકાર કરીને પ્રભુ ઈસુ ૧૨મહિના, ૩૦ દિવસ, ૨૪ કલાક, ૬૦ મિનિટ અને ૬૦ સેકન્ડ આપણા જીવનમાં આવે છે અને અવિરત સંવાદ કરે છે. આરંભ અને અંત, સર્જન અને વિસર્જન, યુગનો અંત યુગના અંત સમયે પ્રભુ ઈસુ મહિમાપૂર્વક આવશે. વાદળ આરુટ થઈને આવશે. રાજ રાજેશ્વરનું પર્વ ક્રિસત રાજા તરીકે આવશે. સાત સંસ્કાર, સંસ્કારો સ્વીકારીએ છીએ ત્યારે પ્રભુ ઈસુ મળે છે તેવું હસમુખ મેકવાને જણાવ્યું હતું.

## સંસ્કાર ગ્રુપ દ્વારા નાતાલ પર્વ ઉજવાશે

ગાંધીનગર, તા.૨૪

સંસ્કાર ગ્રુપ દ્વારા આજે સેકટર-૭ના બગીચામાં નાતાલ પર્વની ઉજવણી કરાશે. જેમાં વૃક્ષને સુશોભિત કરી જુદી જુદી વસ્તુઓ દ્વારા સજાવટ કરાશે. ઝાડ પર લગાવેલા ખિલાને દૂર કરી તેમાં છાણ માટી લગાડી ઘા રૂઝવવાનો પ્રયત્ન કરવામાં આવશે. ભગવાન ઈસુને તેમના હાથ અને પગ ઉપર ખિલા મારવામાં આવેલા હોવા છતાં બીજાને તે માફ કરવાની પ્રાર્થના કરતા તેમ વૃક્ષોને ખિલા મારો તો પણ સહન કરે અને બીજાને આજીવન મદદ કરે હસતાં મોઢે માફ કરજો તેવી પ્રાર્થના કરાશે. આ કાર્યક્રમ સવારે ૯.૨૦ થી ૧.૧૫ સુધી યોજાશે.

## ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ કોલેજમાં 'એક ભારત શ્રેષ્ઠ ભારત' અંતર્ગત કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૪

ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજમાં 'એક ભારત



શ્રેષ્ઠ ભારત' અને ભૂગોળ વિભાગનાં સંયુક્ત ઉપક્રમે 'છત્તીસગઢ ની ભૂગોળ ' પર એક ચાર્ટ પ્રદર્શનનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભૂગોળ વિષયના અધ્યક્ષ ફાલ્ગુનીબેન પટેલ અને ભારતીબેન દલવાડીના માર્ગદર્શન હેઠળ ભૂગોળની વિદ્યાર્થિનીઓએ 'છત્તીસગઢની ભૂગોળ' પર વિવિધ ચાર્ટ પેપરો તૈયાર કર્યા હતા અને આ ચાર્ટ પેપરોનું એક સુંદર પ્રદર્શન ખુલ્લું મુકવામાં આવ્યું હતું. સંસ્થાના આચાર્ય ડો. હરીતભાઈ પટેલનું માર્ગદર્શન અને પ્રેરણાએ કાર્યક્રમને અનોખો ઓપ આપ્યો હતો. કમિટીના સભ્યોશ્રી ડો. મયૂરી પટેલ, ડો. હિના મહેતા અને પ્રા. બાબુભાઈ ની જહેમત તથા ભૂગોળ વિષયના અધ્યક્ષ ફાલ્ગુનીબેન પટેલ અને ભારતીબેન દલવાડીના વિશિષ્ટ સહકારથી કાર્યક્રમ સુંદર રીતે સમ્પન થયો હતો.

## લાયન્સ કલબ ફેમિના દ્વારા સેલ્ફ ડિફેન્સ કેમ્પ યોજાયો



લાયન્સ કલબ ગાંધીનગર ફેમિના તથા વાડોકાઈ કરાટે ડો ફેડરેશનના સહયોગ થી કલોલ તાલુકાના વેડા ગામ ની પી.કે. મહેતા વિદ્યાલયની બાળાઓ માટે સેલ્ફ ડિફેન્સ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પ દરમિયાન વિદ્યાર્થીઓને કરાટે તથા સેલ્ફ ડિફેન્સની ટ્રેનિંગ કરાટે કોચ ગૌરાંગભાઈ રાણા દ્વારા આપવાનીમ આવી હતી. ૧૫૦ જેટલી દીકરીઓએ ટ્રેનિંગ લીધી હતી. કેમ્પના અંતે સર્ટિફિકેટ એનાયત સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ફેમિના કલબના પ્રમુખ વૈશાલીબેન જોષી, મંત્રી અર્ચનાબેન દવે, ડિસ્ટ્રિક્ટ ઓફિસર ચંદાબેન યાદવ તથા કલબ મેમ્બર્સ હાજર રહ્યા હતા. પી.કે મહેતા વિદ્યાલયના આચાર્ય રાજેન્દ્રસિંહનો કેમ્પ દરમિયાન ખૂબ સહયોગ રહ્યો હતો કેમ્પના અંતે દરેક વિદ્યાર્થીનીઓને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા.

## નિસર્ગ દ્વારા રાષ્ટ્રીય ગણિત દિવસ ઉજવાયો



ગાંધીનગર, તા.૨૪

નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા રાષ્ટ્રીય ગણિત દિવસની ઉજવણી અંતર્ગત ફનવિથ મેથ્સ કાર્યક્રમ યોજાયો હતો. ગુજકોસ્ટ અને એન.સી.એસ.ટી.સી. નવી દિલ્હીના સહયોગથી શ્રી એમ.બી. પટેલ હાઈસ્કૂલ, વાવોલ ખાતે ફન વિથ મેથ્સ અને પ્રખર ગણિતશાસ્ત્રી રામાનુજનના જીવન ઝરમર પર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ડો.ભાવિન રામાણી, પ્રોફેસર,સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર. ડો.ઉમેશ તરપદા, એચ.ઓ.ડી. સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર, ડો.અનીલ પટેલ, મેનેજીંગ ટ્રસ્ટી, નિસર્ગ સાયંસ સેન્ટર,ગાંધીનગર અને નીલેશભાઈ પટેલ, આચાર્યશ્રી એમ.બી.પટેલ હાઈસ્કુલ વાવોલ ઉપસ્થિત રહ્યા હતા. ડો.ભાવિન રામાણીએ વિદ્યાર્થીઓને ગણિતની જુદી-જુદી બેઝીક ટૂંકી પદ્ધતિઓ વિષે રસપ્રદ માહિતી આપી હતી. મોટી રકમના દાખલાઓ સરળ રીતે ગણી શકાય તે માટેની પદ્ધતિઓ સમજાવી હતી. ઉપરાંત ગણિતના પાયાના ખ્યાલો, કોયડાઓ અને વ્યવહારુ ઉપયોગો વિષે માહિતી આપી હતી. ડો.ઉમેશ તરપદાએ ભારતના પ્રાચીન વૈદિક ગણિત વિષે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું. ડો.અનીલ પટેલે શ્રી નિવાસન રામાનુજનના જીવન વિષે તેમજ તેમણે લખેલા પુસ્તકોનો આધુનિક યુગમાં થતા ઉપયોગ વિષે જણાવ્યું હતું.

શાળામાં વિદ્યાર્થીઓ માટે રામાનુજનના જીવન ઝરમર પર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિજેતા વિદ્યાર્થીઓને રોકડ ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. શાળાના વિજ્ઞાન શિક્ષક શ્રી નારણભાઈ ચોધરીએ આભાર વિધિ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે નિસર્ગ કોમ્યુનિટી સાયન સેન્ટર ના કો-ઓડીનેટર હાર્દિક મકવાણા, શિવાંગ પટેલ તેમજ શાળાના શિક્ષક મહાવીરસિહે જહેમત ઉઠાવી હતી.

## શેઠ સી.એમ. હાઈસ્કૂલમાં પેપર ક્રાફટ પ્રવૃત્તિ યોજાઈ

ગાંધીનગર, તા.૨૪

શેઠ સી. એમ. હાઈસ્કૂલ ખાતે ઓરેગામી આર્ટના પ્રદિપ



બારોટ દ્વારા પેપર ક્રાફટનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીને તોરણ, ફૂલદાની, વિવિધ રંગોળી, પુષ્પગુચ્છ, જુદા જુદા આકારના રંગીન ફૂલો, વિવિધ પ્રાણીઓ અને પક્ષીઓના પેપર કટીંગને ખૂબજ કલાત્મક રીતે બનાવવાની રીતે અને સમજ આપવામાં આવી હતી.

શાળાના વિદ્યાર્થીઓ દ્વારા જ્ઞાન સાથે ગમ્મત અને કલાના ત્રિવેણી સંગમ સમાન આ કાર્યક્રમમાં ખૂબજ ઉત્સાહભેર ભાગ લઈને વિવિધ કૃતિઓનું સર્જન કર્યુ હતું. વિદ્યાર્થીઓએ પેપરનો ઉપયોગ કરીને વિવિધ ફૂલો, રંગોળી, ફૂલદાની અને ખુબજ અનોખી કૃતિઓ બનાવીને વાતાવરણમાં તાજગી ભરી હતી.

આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય ડૉ. ચેતના બુચ, કનુભાઈ પટેલ, મહેશભાઈ ખોરસ્માએ હાજર રહીને બાળકોના ઉત્સાહમાં વધારો કર્યો હતો.

## જીઆઈપીએસમાં ક્રિસમસ ડે ની ઉજવણી



ગાંધીનગર, તા.૨૪

જીઆઈપીએસ શાળામાં ઓનલાઈન અને ઓફલાઈન ક્રિસમસ ડેની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ધોરણ-૧ થી ધોરણ-૧૧ના વિદ્યાર્થીઓએ વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે કેરલ સોંગ, ડાન્સ તેમજ માઈન જેવા કાર્યક્રમોની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી હતી.

## જયોતિ મહિલા મંડળ અને રાધેકૃષ્ણ ગ્રુપ દ્વારા શાકોત્સવ અને રમતોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૨૪

શિયાળાની સુંદર, તંદુરસ્ત સવારે રાધેકૃષ્ણ ગ્રુપ અને જયોતિ મહિલા મંડળ દ્વારા શાકોત્સવ અને રમતોત્સવ પ્રસંગે ૩૦૦થી વધુ બહેનોએ ઉપસ્થિત રહીને લાભ લીધો હતો. વૈવિધ્યસભર શાકભાજીની વાનગીઓનો રસાસ્વાદ તેમજ કાઠીયાવાડી વનભોજન નગરની બહેનોએ સાથે લઈને શાકભાજી ખાઈને તંદુરસ્ત રહેવાનો સંદેશો પાઠવ્યો હતો. રાધાકૃષ્ણ ગ્રુપ દ્વારા નીરૂબેન નાયક, તારાબેન પટેલ, પ્રવિણાબેન ગામીતની આગેવાની હેઠળ શાકોત્સવનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે તમામ બહેનો માટે વિવિધ રમતોનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. યુવતીથી લઈને ૭૫ વર્ષથી ઉપરની બહેનોએ વિવિધ રમતોમાં ભાગ લઈને શિયાળાની સુંદર સવારને યાદગાર બનાવી હતી. ખેલદીલીની ભાવના ઉજાગર કરતા આ રમતોત્સવમાં તમામ બહેનો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ડૉ. ચેતના બુચ, નીરૂબેન નાયક, જયોતિ ઠકકર દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.



## જાહેર સફાઈના અભાવે સે-૨માં ગંદકીના ઢગ ખડકાયાં

### પોતાના પગાર ભથ્થાં કે ગ્રાન્ટના વધારા માટે મોડે સુધી બેસીને પણ ત્વરીત નિવેડો લાવતા સત્તાધીશો સફાઈ કર્મચારીઓનો પ્રશ્ન પણ સત્વરે ઉકેલે અથવા વૈકલ્પિક વ્યવસ્થા કરે : સે-૨ સિનિયર સિટીઝન ગૃપ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના વોર્ડનં. ૯માં સમાવિષ્ટ સેકટર-૨ ખાતે છેલ્લાં કેટલાંક દિવસથી જાહેરસફાઈ થતી ના હોવાને કારણે ગંદકીના ઢગ ખડકાઈ રહ્યા છે અને રખડતાં ઢોર દ્વારા ઉભરાતા ડસ્ટ કન્ટેનરોમાં ખોરાકની શોધ કરવાના પ્રયાસ કરવામાં આવતાં કચરાના ઢગ સેકટરના જાહેર સ્થળો પર ફેલાઈને પરિસ્થિતિ વધુ વણસાવી રહ્યા છે જેના કારણે નાગરિકો પરેશાનીનો ભોગ બની રહ્યા છે. સેકટર-૨ના સિનિયર સિટીઝન ગૃપ દ્વારા ગાંધીનગરના સત્તાધીશો દ્વારા સફાઈ કર્મચારીઓના પ્રશ્નનું ઝડપથી નિરાકરણ લાવવા અથવા વૈકલ્પિક વ્યવસ્થા કરવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે.



સેકટર-૨ના સિનિયર સિટીઝન ગૃપના અગ્રણી પ્રમોદભાઈ દવેએ લેખિતમાં જણાવ્યું છે કે છેલ્લાં સપ્તાહથી સફાઈ કર્મચારીઓ હડતાલ પર હોવાથી સેકટરમાં સફાઈ કાર્ય ખોરંભે ચઢેલું છે, સફાઈના અભાવે સેકટરમાં ગંદકીના થર થયેલાં જોવા મળે છે. સફાઈ કર્મચારીઓ જેવા નાના કર્મચારીઓને પગારનો પ્રશ્ન આટલાં દિવસ સુધી વણ ઉકેલ્યો રહે તે અત્યંત દુઃખદાયી ગણાય જયારે સત્તાધીશોને નાણાકીય લાભ લેવાના હોય ત્યારે મોડે સુધી બેસીને પણ તેને ઉકેલવામાં આવે છે, ટેન્ડરો પાસ કરવામાં ઝડપ દાખવવામાં આવે છે કે નગરસેવકોના પગાર વધારા કે ગ્રાન્ટમાં વધારાની દરખાસ્ત ત્વરીત પાસ કરી દેવાય છે પરંતુ તે રીતે સફાઈ કર્મચારીઓના પગાર સહિતના પ્રશ્નનો પણ ઝડપી ઉકેલ લાવી સુંદર કાર્ય કરતી બોડી સ્વરૂપે છાપ પાડવી જોઈએ. જયારે લોકોપયોગી કે લોકકલ્યાણના નાગરિકોને સ્પર્શતા કાર્યો થતાં ના હોય અને કયાંક ખોટું થતું કે વિલંબ થતો જણાતો હોય ત્યારે જાગૃત નાગરિકો તરીકે સર્વ પ્રથમ ધ્યાન દોરવાની અમે ફરજ અદા કરીએ છીએ. અમે મનપાની હેલ્પલાઈન પર પણ ફરિયાદ નોંધાવી છે અને વોર્ડ નં.૯ના કોર્પોરેટરોને પણ રજુઆત કરી છે તેથી સત્વરે આ પ્રશ્નનો ઉકેલ લાવવામાં આવે તેવો અમારા સે-૨ના સિનિયર સિટીઝન ગૃપનો અનુરોધ છે.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. નાડિયા ગોવિંદભાઈ મોતીભાઈ, ઉ.વ. ૫૦, વાવોલ
- સ્વ. જયસ્વાલ ભરતભાઈ શાંતિલાલ, ઉ.વ. ૬૫, પ્રતાપનગર, માણસા
- સ્વ. ઝાલા મીરાબેન દિનેશકુમાર, ઉ.વ. ૬૨, વાવોલ
- સ્વ. વાઘેલા ગીતાબા રાજેન્દ્રસિંહ, ઉ.વ. ૫૦, પીંપળજ
- સ્વ. સોલંકી બબીતાબેન અશ્વિનભાઈ, ઉ.વ. ૨૧, પેથાપુર
- સ્વ. ધોબી કંચનબેન ગોવિંદભાઈ, ઉ.વ. ૭૨, સેકટર-૨૪


● રૂદ્રભૂમિ ●

- સ્વ. પંચાલ સુરેશભાઈ રામચંદ્ર, ઉ.વ. ૫૫, રાયસણ

## જન્મદિને વધામણી



કમલ કિશોર જૈન
પ્રેસિડેન્ટ, કલ્પતરૂ પાવર ટ્રાન્સમીશન,
વરિષ્ઠ કારોબારી સભ્ય ગાંધીનગર કલ્ચરલ ફોરમ



આહાન કૃણાલ પંડયા
મો. ૯૪૨૮૩ ૫૫૯૪૪



જીત દિનેશકુમાર કાપડીયા
મો. ૮૪૯૦૯ ૭૮૮૯૧



જૈનિલ ત્રિવેદી



પુન્યા શ્રેયાંસભાઈ કોઠારી



ઠાકોર કાન્તાબેન શંભુજી
મો. ૯૭૧૪૬ ૬૫૬૧૮

## કોબા ખાતે સુશાસન સપ્તાહ નિમિત્તે ૨૭મીએ આયુર્વેદ નિદાન યજ્ઞ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રીની કચેરી દ્વારા સુશાસન સપ્તાહની ઉજવણી નિમિત્તે નિઃશુલ્ક આયુર્વેદ – હોમિયોપેથી નિદાન-સારવાર મેગા કેમ્પનું આયોજન તા. ૨૭મી ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ સવારના ૧૦.૩૦થી ૧.૩૦ કલાક દરમ્યાન કોમ્યુનિટી હોલ, કોબા, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં જિલ્લા આયુર્વેદ અધિકારી શ્રી ડૉ. ભાવનાબેન પટેલે જણાવ્યું છે કે, આ કેમ્પમાં આયુર્વેદ – હોમિયોપેથી પધ્ધતિથી નિદાન અને સારવાર કરવામાં આવશે. તેમજ આયુર્વેદની ખાસ પદ્ધતિથી શરીરની પ્રકૃતિ નક્કી કરી આપવામાં આવશે. તેમજ આહાર- વિહારનું માર્ગદર્શન આપવામાં આવશે. વૃદ્ધાવસ્થામાં થતી શારીરિક તકલીફો માટે આયુર્વેદ ઉપલબ્ધ ખાસ ઔષધિઓ પણ આપવામાં આવશે. તેની સાથે સાથે સ્વસ્થ જીવન શૈલી માટે પણ માર્ગદર્શન આપવામાં આવશે.